અબ સૌંપ દીયા ઈસ જીવનકા સબ ભાર તુમ્હારે હાથોમેં, હૈ જીત તુમ્હારે હાથોમેં, ઔર હાર તુમ્હારે હાથોમેં

## રાજ્યમાં વધુ ૪૮૫ નવા કેસ : અમદાવાદમાં ૨૯૦ : ગાંધીનગરમાં ૪૧

સાવચેત રહો સુરક્ષિત રહો


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૫ | ૪ જુન, ૨૦૨૦, ગુરૂવાર; જેઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

# અલીબાગના દરિયાકાંઠે નિસર્ગ વાવાઝોડું ત્રાટક્યું

### બાન્દ્રા-વરલી સી લિન્ક વે બંધ કરાયો : ૧૨૦ કિમીની ઝડપે પવન ફૂંકાયો : મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં સંખ્યાબંધ ઝાડ, લાઈટના થાંભલા પડી ગયા

મુંબઈ, તા. ૩

નિસર્ગ' ચક્રવાતી વાવાઝોડું મુંબઈ નજીકના અલીબાગના દરિયાકાંઠા પર ત્રાટક્યું છે. અહીં પવનની ગતિ પ્રતિ કલાક ૧૨૦ કિ.મી.ની છે. વાવાઝોડાને પગલે દરિયાકાંઠે ૫થી ૬ ફૂટ ઊંચા મોજા ઉછળ્યાં હતાં. સજાગ રહેલા વહીવટીતંત્રોએ કાંઠા પર અને નિચાણવાળા ભાગોમાં રહેતા આશરે ૧ લાખ લોકોનું ગઈ કાલથી સુરક્ષિત જગ્યાઓ પર સ્થળાંતર કરી દીધું હતું. વાવાઝોડાને પગલે મહારાષ્ટ્રમાં રેલ તેમજ હવાઈ વ્યવહાર ખોરવાયો છે. મુંબઈના હાર્દ સમા બાન્દ્રા- વરલી સી લિન્ક વેને હાલ બંધ કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત આગામી પાંચથી છ કલાક સુધી લોકોને ઘરની બહાર નહીં નિકળવા તાકીદ કરવામાં આવી છે. ચક્રવાત ગુજરાતના કાંઠે પણ અથડાવાના અનુમાનો લગાવાયા હતા. જો કે મંગળવારે બપોરે વાવાઝોડાની દિશા બદલાતા ગુજરાત પરથી ઘાત ટળી હતી. ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. હવામાન વિભાગના અગાઉના અંદાજ મુજબ ચક્રવાત ગુજરાતના કાંઠે પણ અથડાવાનો અંદાજ હતો જેને પગલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારોમાંથી અંદાજે ૫૦,૦૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. મુંબઈના દરિયાકાંઠે ૧૮૯૧ પછીનું આ સૌથી રૌદ્ર ચક્રવાત હોવાનું હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે. વાવાઝોડાને પગલે મુંબઈમાં ભાર પવન ફૂંકાયો હતો અને સંખ્યાબંધ ઝાડ પડી ગયા હોવાની તેમજ કેટલાક થાંભલા પડવાની ઘટના બની છે. મુંબઈમાં દરિયાકાંઠાના વિસ્તારો વર્લી, બાન્દ્રા અને માહિમ સહિતના નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળ ખસેડી લેવામાં આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ વાવાઝોડું ઉત્તર મહારાષ્ટ્ર, પુણે, અહમદનગરને ઘમરોળી શકે છે જેથી અહીં ભારે વરસાદ પડવાની સંભાવના છે. રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે એનડીઆરએફ, એસડીઆરએફ તેમજ કોસ્ટગાર્ડની મદદ લીધી છે. વાવાઝોડાની સંભવિત અસરને ટાળવા માટે તંત્ર સજ્જ છે. વાવાઝોડાને પગલે રાયગઢ, રત્નાગીરિ, તેમજ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે.

ક્યાં ક્યાં થઈ નિસર્ગની અસર : વાવાઝોડાની અસરથી મુંબઈ અને ગોવામાં વરસાદ થઈ રહ્યો છે. બુધવારે મુંબઈમાં ૨૭ સેમીથી વધારે વરસાદ થવાનો અંદાજ છે. તોફાનની આશંકા વાળા જિલ્લામાં વીજળી પાણીનો પુરવઠો બંધ કરવામાં આવી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સૂરત ઉપરાંત દમણ, દાદરા અને નાગર હવેલીમાં પણ ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, વાવાઝોડાના માર્ગ રાયગઢ અને પાલઘરમાં







● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૬૪૯૭૬૦૫ | ૩૮૩૮૨૯ | ૩૦૦૨૩૨૯ |
| ભારત | ૨૧૪૬૬૪ | ૬૦૮૦ | ૧૦૩૬૪૧ |
| ગુજરાત | ૧૮૧૧૭ | ૧૧૨૨ | ૧૨૨૧૨ |
| ગાંધીનગર | ૩૪૧ | ૧૫ | ૧૭૧ |

# દહેજની કેમિકલ ફેક્ટરીમાં બ્લાસ્ટ

### એમ્બ્યુલન્સ ન પહોંચતા કર્મચારીઓ કણસતા રહ્યા : ૮નાં મોત : આગમાં ૫૦ દાઝ્યા : ભરૂચ જિલ્લા સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગની કંપનીને ક્લોઝર નોટિસ : આગ પર કાબૂ મેળવાયો

ભરૂચ, તા. ૩

એક તરફ દેશભરમાં કોરના મહામારીએ અજગરી ભરડો લીધો છે ત્યાં લાંબા લોકડાઉન બાદ અનલોક-૧માં છૂટછાટો મળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો એવામાં ભરૂચ જિલ્લાના દહેજ સ્થિત યશસ્વી કેમિકલ કંપનીમાં બ્લાસ્ટની ઘટનામાં ૮ કામદારના મોત થયાના આઘાતજનક સમાચાર આવ્યા છે. આ ઘટનામાં ૫૦ જેટલા કામદારો દાઝ્યા છે. જેને પગલે ભરૂચ જિલ્લા સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે યશસ્વી કંપનીને ક્લોઝર નોટિસ ફટકારી છે અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. યશસ્વી કેમિકલ કંપનીમાં થયેલા બ્લાસ્ટને પગલે આગ ફાટી નીકળતા ધુમાડાના ગોટેગોટા દૂર-દૂરથી પણ જોવા મળ્યા હતા. આગ લાગવા સાથે કેટલાક કર્મચારીઓ દોડીને કંપનીની બહાર આવી ગયા હતા. જોકે ગંભીર રીતે દાઝેલા કર્મચારીઓ એમ્બ્યુલન્સ માટે ટળવળતા રહ્યા હતા. સમયસર સારવાર ન મળતા દાઝેલા કર્મચારીઓ દર્દથી કણસતા જોવા મળ્યા હતા.

જોકે બાદમાં કર્મચારીઓને સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ દહેજ ફાયર બ્રિગેડના ૧૦ ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ ઉપર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. કમનસીબ બાબત એ છે કે દહેજની યશસ્વી કેમિકલ કંપનીમાં બ્લાસ્ટ બાદ આગની ઘટનામાં આગ પર કાબૂ મેળવ્યા બાદ મૃતદેહો મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- અમેરિકા ચીન સાથે વિમાની સેવા વ્યવહાર બંધ કરવા નિર્ણય કરી ચૂક્યું છે.
- બીએમડબલ્યુએ ચેન્નાઈ પ્લાન્ટમાં ઉત્પાદન શરૂ કર્યું
- ગૃહ મંત્રાલયે વિદેશી ઉદ્યોગકારોને પોતાના ચાર્ટર વિમાનમાં ભારત આવવા મંજુરી આપી.
- લીકર કિંગ વિજય માલ્યા ભારતભણી.
- રાજ્યસભાની ચૂંટણી મામલે ગુજરાતમાં રાજકીય આટાપાટા ખેલાવાનું શરૂ. કોંગ્રેસમાંથી વધુ ધારાસભ્યોના રાજીનામાની દહેશત.
- અમદાવાદ મહાનગર પાલિકાના વધુ એક ભાજપના કોર્પોરેટરનો કોરોના પોઝિટિવ.
- પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આજે નવી રાજકીય જાહેરાત કરે તેવી સંભાવના.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૭૪૮૬૦ |
| તામીલનાડુ | ૨૫૮૭૨ |
| દિલ્હી | ૨૨૧૩૨ |
| ગુજરાત | ૧૮૧૧૭ |
| રાજસ્થાન | ૯૬૫૨ |
| ઉત્તરપ્રદેશ | ૮૭૨૯ |

# દેશમાં ૧૧૮૦૪ નવા કેસ

### છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૭નાં મોત : દેશમાં કોરોના વાયરસના દર્દીઓની રિકવરીના દરમાં નોંધપાત્ર સુધારો : દેશમાં ૨૪ કલાકમાં ૪૭૭૬ સ્વસ્થ : ભારતમાં કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૯ ટકા સુધી પહોંચ્યો

નવી દિલ્હી, તા. ૩

વિશ્વભરમાં કોરોનાનો કહેર જારી છે ત્યારે ભારતમાં પણ આ મહામારીએ ચિંતા વધારી દીધી છે. જોકે, આતમામની વચ્ચે ભારતની વસતીને જોતા દેશમાં વાયરસના સક્રિય કેસનું પ્રમાણ અન્ય દેશોની સરખામણીએ ઓછું છે અને સામે રિકવરી રેટમાં ધીરે ધીરે ખૂબજ સારો સુધારો થઈ રહ્યો છે. એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૯ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭૭૬ લોકો સ્વસ્થ્ય



થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૦૦૩૦૩ સુધી પહોંચી ગયો છે. બીજી તરફ કોરોના વાયરસનો આતંક ઘટવાની જગ્યાએ વકરવા માંડ્યો છે. દેશમાં છેલ્લા બે મહિના કરતા પણ વધારે સમયથી લોકડાઉન લાગુ હોવા છતા પણ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો બે લાખને ઓળંગી ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨૦૭૬૧૫ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૮૦૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૮૧૫ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૦૧૪૯૭ એક્ટિવ કેસ છે.

# ખેડૂતો સીધાં જ પોતાના પાકને વેચી શકશે : કેન્દ્રીય મંત્રીમંડળમાં નિર્ણય

### બે વટહુકમને મંજૂરી, ખેડૂતો માટે એક દેશ એક બજારની નીતિ

ન્યુ દિલ્હી, તા. ૩

કોરોના વાયરસના સંકટ વચ્ચે આજે ફરી એક વખત કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી. બુધવારે બપોરે ૧૧ કલાકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં તેમના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં અનેક વરિષ્ઠ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં બે વટહુકમોને મંજૂરી આપવામાં આવી છે.

તેમાં આવશ્યક વસ્તુ અધિનિયમ, એપીએસી અધિનિયમમાં સંશોધનને મંજૂરી આપવામાં આવી છે. હવેથી ખેડૂતો સીધો પોતાનો પાક વેચી શકશે અને દેશમાં ખેડૂતો માટે એક દેશ એક બજાર હશે. આ બેઠકમાં ખેત ઉત્પાદનોના સંગ્રહની અવધિ સમાપ્ત કરવામાં આવી છે અને ખૂબ જ આવશ્યક પરિસ્થિતિઓમાં જ તેમ કરી શકાશે.



ઉલ્લેખનીય છેકે ૨૦ લાખ કરોડના પેકેજમાં આની જાહેરાત કરવામાં આવી હતી. તાજેતરમાં જ મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થયું છે. આ સંજોગોમાં સોમવારે જ કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં

● અનુસંધાન પાન-૭ પર

# પુલવામામાં ત્રણ આતંકી ઠાર

પુલવામા, તા. ૩

પુલવામા જિલ્લાના કંગન વિસ્તારમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. તેમાંથી એક જૈશનો કમાન્ડર હતો, જે વિદેશી હોવાનું કહેવાઈ રહ્યું છે. આર્મીના જણાવ્યા મુજબ મરાયેલો આતંકવાદી આઈઈડી બ્લાસ્ટમાં નિષ્ણાંત હતો. આ એક્કાઉન્ટરમાં એક ભારતીય સૈનિક પણ ઘાયલ થયો છે.

ઈન્ટેલિજન્સ ઈનપુટ પછી નેશનલ રાઈફલ્સ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સુરક્ષા દળોએ આતંકવાદીઓને શરણાગતિ માટે પણ કહ્યું હતું, પરંતુ તેઓએ ફાયરિંગ શરૂ કરી દીધી હતી. સાવચેતીના ભાગ રૂપે પુલવામા જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે.

પુલવામામાં છેલ્લા ૨૪ કલાકમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે આ બીજી મુઠભેડ હતી. આ પહેલા મંગળવારે પુલવામાના ત્રાલ વિસ્તારમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા. સોમવારે નૌશેરા સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરતા ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા હતા. સુરક્ષા દળોએ ૨૮ મેથી જમ્મુ-કાશ્મીરમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. ગુપ્તચર એજન્સીએ ચેતવણી આપી હતી કે પાકિસ્તાનથી આતંકીઓની ઘૂસણખોરી થઈ શકે છે.

# ઈન્ડીયાના બદલે ભારત નામ રાખવાના મામલે હસ્તક્ષેપનો સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હી, તા. ૩

બંધારણમાં ઈન્ડિયાની જગ્યાએ ભારત નામ રાખવા માટે બંધારણમાં સંશોધન અંગેની અરજીમાં દરમિયાનગીરીનો ઈનકાર કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે અરજી સંબંધિત ઓથોરિટી એક પ્રતિનિધિત્વની જેમ જોશે અને આ અરજીને સંબંધિત મંત્રાલય સમક્ષ મોકલવામાં આવે. અરજીકર્તા એ માટે સરકાર સમક્ષ માગણી કરે. ચીફ જસ્ટિસે કહ્યું કે બંધારણમાં સ્પષ્ટ લખ્યું છે કે આ કેસની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ એસ એ બોબડેની બેન્ચે વીડિયો કોન્ફરેન્સિંગ થકી સુનાવણીમાં કહ્યું છે કે અરજીકર્તાઓએ આ કેસમાં કોર્ટનો સંપર્ક કેમ કરાયો છે, જ્યારે બંધારણમાં સ્પષ્ટ લખાયું છે કે ઈન્ડિયા જે ભારત છે.

● અનુસંધાન પાન-૭ પર